**રેગ્યુલર સીવીલ અપીલ નં.૩૨/૨૦૨૫**

**આંક–૦૫ લગત હુકમ**

વિવાદી તરફે આપેલ આંક–૦૫ ની અરજી વંચાણે લીધી વિવાદીના વિ.વ.શ્રી એચ.ડી.શાહને સાભળ્યાં તેમજ પ્રતિવિવાદી નં. ૧ તરફે વિ.વ.શ્રી આર.એસ. મજમુદાર તથા પ્રતિવિવીદી નં. ૨ તરફે વિ.વ.શ્રી બી.પી.પટેલને સાંભળ્યા.

વિવાદી તરફે વિ.વ.શ્રી એચ.ડી. શાહ રજુઆત કરતા જણાવે છે કે, વિવાદી તરફે નામદાર ટ્રાયલ કોર્ટમાં દાવાવાળી જમીનો અંગે કરેલ વેચાણ દસ્તાવેજો ખોટા અને ગેરકાયદેસર છે તેવુ ઠરાવી આપવા તથા સદર દાવા વાળી જમીનોનો કબજો બળજબરીથી લે લેવડાવે નહી તેવા કાયમી મનાઇ હુકમની માગણી કરેલ. સદરહુ દાવાના કામે બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઇ વાદીનો દાવો નામંજુર કરતા તે વિરૂધ્ધ અપીલ દાખલ કરવામાં આવેલ છે અને સદર અપીલના કામે આંક–૦૫ ની કામચલાઉ મનાઇ હુકમની હાલની અરજી આપેલ છે. દાવાવાળી મીલકતના ફ્રોડ પાવર ઓફ એટર્ની જેવા દસ્તાવેજના આધારે બનાવી દસ્તાવેજ ઉભા કરેલ છે. વાદી તરફે નામદાર ટ્રાયલ કોર્ટમાં પાવર ઓફ એટર્ની ફ્રોડ ઉભો કરેલ હોવાનુ પુરવાર કરેલ છે અને તે બાબતે હેન્ડ રાઇટર એક્સપર્ટના અધીકારીએ પણ સ્પષ્ટ અભીપ્રાય આપેલ છે તેમ છતા નામદાર ટ્રાયલ કોર્ટે તે દસ્તાવેજને માનેલ નથી. કોઇપણ વ્યક્તિ એકજ લખાણ બે વાર એક સરખી રીતે કરી શકે નહી તેમ છતા અગાઉ થયેલ કરારના આધારે તે દસ્તાવેજનુ સ્કેન કરી ફ્રોડ પાવર ઓફ એટર્ની ઉભુ કરેલ છે. જે બાબતે વાદી તરફે ફરીયાદ પણ દાખલ કરેલ. પ્રતીવાદીઓ તરફે અગાઉ રે.દિ.મુ.નં. ૧૮૭/૨૦૧૧ નો દાવો કરેલ જે દાવાના કામે પાવર ઓફ એટર્ની બાબતે કે તે આધારે કરવામાં આવેલ દસ્તાવેજ બાબતે કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આમ પાછળથી વેચાણ દસ્તાવેજ ઉભો કરવામાં આવેલ હોવાનુ પ્રથમ દર્શનીય ફલીત થાય છે. આ તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા વિવાદી તરફે દાખલ કરેલ અપીલમાં સફળ થવાની પુરેપુરી શક્યતા છે. જેથી વાદગ્રસ્ત ઠરાવ અને હુકમનામાનો અમલ મોકુફ ન રાખવામાં આવે તો સદર હુકમનામાને આધારે વેચાણ દસ્તાવેજની નોધ રેવન્યુ રેકર્ડમાં પડાવી દે તેમ છે તેના કારણે વાદીને નાણામાં ભરપાઇ ન થાય તેવુ નુકશાન થવાનુ સંભવ

છે જેથી વાદગ્રસ્ત ઠરાવ અને હુકમનામાની અમલ બજવણી મોકુફ રાખી દાવાવાળી જમીનની યથાવત પરીસ્થીતી જાળવી રાખવાનો જરૂરી હુકમ કરવા અરજ કરેલ છે.

પ્રતીવિવાદી નં. ૧ના વિ.વ.શ્રી આર.એસ. મજમુદાર તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે આ કામે વાદીના સાહેદ તરીકે આંક–૧૩૨ થી ઉષ્માબેન રમેશભાઇ જોષીને તપાસેલ છે જેઓએ પાવર ઓફ એટર્ની નોટરાઇઝ્ડ કરેલ છે. જેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે કે પાવર ઓફ એટર્નીમાં ખોટો અંગુઠો લીધેલ નથી. આંક –૭૨ વાળા પાવર ઓફ એટર્નીમાં ખોટો તથા અંગુઠો પાવર કરનારનો છે. વધુમાં ઉલટ તપાસમાં પણ આંક–૭૨ વાળા પાવર ઓફ એટર્નીમાં નોટરી કરતી વખતે પાવર આપનાર વાલજીભાઇ રણછોડભાઇ હાજર હતા અને તેઓએ તેઓની રૂબરૂમાં અંગુઠો કરેલો. આમ, વાદીના સાહેદ પાવર ઓફ એટર્ની ફ્રોડ ન હોવાનુ જણાવે છે ત્યારે નામદાર ટ્રાયલ કોર્ટે વાદીનો રદ કરવાનો જે હુકમ કરેલ છે તે કાયદેસરનો હોય આંક–૫ ની કામચલાઉ મનાઇ હુકમની અરજી મંજુર કરી શકાય નહી.

પ્રતીવિવાદી નં. ૨ ના વિ.વ.શ્રી બી.પી. પટેલ રજુઆત કરતા જણાવે છે કે, વાદ વાળી જમીન પ્રતીવાદી નં. ૨ના કબજા ભોગવટામાં છે. નામદાર ટ્રાયલ કોર્ટે તમામ પુરાવો ધ્યાનમાં રાખીને વાદીનો દાવો નામંજુર કરેલ છે અને આંક –૭૨ વાળો પાવર ઓફ એટર્ની નોટરીની રૂબરૂમાં પાવર આપનાર વાલજીભાઇએ કરી આપેલાનુ પુરવાર થાય છે તેમજ આંક –૧૫૩ વાળો ખેતીની જમીન વાવણી કરવા અંગેનો દસ્તાવેજ સાચો અને ખરો સાબિત થાય છે તેથી વિવાદીની આંક–૫ની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

બન્ને પક્ષકારોની રજુઆતોની રજુઆતોને ધ્યાને લેતા તેમજ નામદાર ટ્રાયલ કોર્ટનુ સ્પે. દિ.મુ.નં. ૨૦/૨૦૧૨નુ રેકર્ડ મંગાવી રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા આ કામના વાદી તરફે દાવાવાળી મીલકતો ફ્રોડ પાવર ઓફ એટર્નીના આધારે વેચાણ કરી દીધેલ હોય વેચાણ દસ્તાવેજ રદ કરવા તથા કાયમી મનાઇ હુકમ મેળવવા દાવો દાખલ કરેલ. જે દાવો નામંજુર કરતા હાલની અપીલ દાખલ કરેલ છે અને તે

અપીલના કામે આંક–૫ની કાયમી મનાઈ હુકમ માટે અરજી આપેલ છે. વિવાદી તરફે મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, નામદાર ટ્રાયલ કોર્ટના હુકમનો અમલ મોકુફ ન રાખવામાં આવે તો આ કામના પ્રતિવિવાદી તરફે ફ્રોડ પાવર ના આધારે કરંટ વેચાણ દસ્તાવેજની નોધ તેઓના રેકર્ડમાં પાડાવી દે અને તે કારણે વાદીને અનેક દાવાદોવીમાં ઉતરવુ પડે તેમ છે. અરજીની હકીકતો તેમજ બન્ને પક્ષકારોની રજુઆતોને ધ્યાને લેતા અપીલનો નિકાલ ન આવે ત્યા સુધી નામદાર ટ્રાયલ કોર્ટના હુકમનો અમલ મોકુફ રાખવો ન્યાયોચીત જણાય છે. વધુમાં, અમલ મોકુફ ન રાખવામાં આવે તો વાદીને ભવિષ્યમાં તે દાવામાં સફળ થાય તો નાણામાં માપી ન શકાય તેવુ નુકશાન થાય તેમ છે જેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

વિવાદી તરફે આપેલ આંક–૫ ની આપેલ અરજી આથી અશંતઃ મંજુર કરવામાં આવે છે અને પાટણના મે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીએ સ્પે.દિ.મુ.નં. ૨૦/૨૦૧૨ ના કામે તા. ૧૭/૧૦/૨૦૨૫ના રોજ આપેલ ઠરાવ અને હુકમનામાની અમલ બજવણી આ અપીલનો નિકાલ ન આવે ત્યાં સુધી મોકુફ રાખવાનો હુકમ કરવામાં આવે છે તેમજ વાદગ્રસ્ત મીલકત આ અપીલનો નિકાલ ન થાય ત્યાં સુધી વિવાદી તથા પ્રતિવિવાદીનાઓએ અન્ય કોઈને કોઈ પણ રીતે વેચાણ યા અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કે એસાઈન કરવી કરાવી નહી કે તેના ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરવો કરાવો નહી તેવો અપીલનો નિકાલ ન આવે ત્યા સુધી કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

તા. ૩૦/૦૧/૨૦૨૬.
પાટણ.

(પી.એચ.શેઠ)
પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ જજ,
પાટણ.